/

ગુજરાત અલ્પ સંખ્યક નાણાં અને
વિકાસ નિગમ,ગાંધીનગરના મહેકમની
હંગામી જગ્યાઓ ચાલુ રાખવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક: સશપ/૧૩૨૦૧૮/૯૮૫૨૫/અ (પા.ફા.),
સચિવાલય, ગાંધીનગર.
તા. /૦૪/૨૦૨૨
22 APR 2022

વંચાણે લીધા:

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૮/૦૨/૨૦૨૨નો સરખા ક્રમાંકનો ઠરાવ.
(૨) ગુજરાત અલ્પ સંખ્યક નાણાં અને વિકાસ નિગમના તા.૨૮/૦૩/૨૦૨૨નો પત્ર ક્રમાંક: ગુજઅસંનાવિનિ/૨૦૨૧-૨૨/મકમ/૯૨૫

આમુખ:

વંચાણે લીધા ક્રમાંક (૧) હેઠળના તા.૨૮/૦૨/૨૦૨૨ના સમાનાંકી ઠરાવથી ગુજરાત અલ્પ સંખ્યક નાણાં અને વિકાસ નિગમની કુલ ૫(પાંચ) હંગામી જગ્યાઓ તા.૨૮/૦૨/૨૦૨૨ સુધી ચાલુ રાખવાની તથા સિનિયર ક્લાર્કની ૦૧ જગ્યા એબેયન્સમાં મૂકવાની શરતે તા.૨૮/૨/૨૦૨૨ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવેલ છે. વંચાણે લીધા ક્રમાંક (૨) હેઠળના તા.૨૮/૦૩/૨૦૨૨ના પત્રથી એબેયન્સમાં ગયેલ સિનિયર ક્લાર્કની જગ્યાને એબેયન્સમાંથી મુક્ત કરવા તથા નિગમની કુલ ૫ (પાંચ) હંગામી જગ્યાઓ તા.૨૮/૦૨/૨૦૨૩ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવા ગુજરાત અલ્પ સંખ્યક નાણાં અને વિકાસ નિગમ દ્વારા દરખાસ્ત કરવામાં આવેલ, જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાના અંતે, ગુજરાત અલ્પ સંખ્યક નાણાં અને વિકાસ નિગમ, ગાંધીનગરની નીચે કોષ્ટકમાં દર્શાવેલ ૫(પાંચ) હંગામી જગ્યાઓને નીચે જણાવેલ શરતોને આધિન તા.૨૮/૦૨/૨૦૨૩ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનું નામ | વર્ગ | જગ્યાની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | મેનેજીંગ ડિરેક્ટર | ૧ | ૧ |
| ૨ | સમાજ કલ્યાણ અધિકારી | ૨ | ૧ |
| ૩ | હિસાબી અધિકારી | ૨ | ૧ |
| ૪ | ગુજરાતી ટાઇપીસ્ટ | ૩ | ૧ |

| | | | |
|---|---|---|---|
| ૫ | જુનિયર કારકુન | ૩ | ૧ |
| | કુલ | | ૫ |

તેમજ સિનિયર ક્લાર્કની ૦૧ જગ્યા એબેયન્સમાં મૂકવાની શરતે તા.૨૮/૨/૨૦૨૩ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે.

શરતો:-

(૧) આ જગ્યાઓ જે હેતુ માટે ઉભી કરેલ છે તે હેતુ માટે જ ચાલુ રાખવાની રહેશે.

(૨) આ અંગેનું ખર્ચ વર્ષ ૨૦૨૨-૨૩ માટે ફાળવાયેલ ગ્રાન્ટમાંથી કરવાનું રહેશે તેમજ નિયત થયેલ સદરે ઉધારવાનુ રહેશે.

(૩) ખાલી જગ્યાઓ અંગે નાણાં વિભાગની વખતો વખતની સૂચનાઓનો ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૪) એક વર્ષથી વધુ સમયથી ખાલી જગાઓ એબેયન્સમાં મૂકવાની રહેશે, તે જગાઓ નાણાં વિભાગની મંજૂરી મેળવી મુકત કરાવીને જ ભરવાની રહેશે તથા ૩ વર્ષ કરતાં વધુ સમયથી ખાલી હોય તેવી જગાઓ રદ કરવાની રહેશે.

(૫) આ હંગામી જગ્યાની મુદત પુરી થાય તેના ૪ માસ પહેલા તેને ચાલુ રાખવાની વિગતવાર દરખાસ્ત મોકલવાની રહેશે.

આ હુકમ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૧૯/૦૪/૨૦૨૨ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દિગ્વિજયસિંહ કુંપાવત)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મેનેજીંગ ડિરેકટરશ્રી, ગુજરાત અલ્પ સંખ્યક નાણાં અને વિકાસ નિગમ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/ રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણાંકીય સલાહકારશ્રી (સા.ન્યા.), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી,અ.૧-શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. (વિભાગની વેબસાઈટ પર મૂકવાની વિનંતીસહ.)
- શાખા સિલેકટ ફાઇલ-૨૦૨૨